**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૭૨ ટકા

# રક્ષાબંધનમાં ભાઈ અને બહેન વચ્ચેના મિડીયેટરી ઓનલાઈન શોપિંગ સાઈટસ

ગાંધીનગર, તા.૩૧

રક્ષાબંધનનો તહેવાર નજીકમાં છે ત્યારે નગરમાં કોરોનાને કારણે ઘરની બહાર નીકળીને શોપિંગ કરવા જતા નગરજનો ઓનલાઈન શોપિંગની પસંદગી કરી રહ્યા છે. આમ તો પહેલા એવું હતું કે ફીઝીકલી દુકાનમાં જઈને જ કપડાં લેવા, સાઈઝ જોવી, મટીરીયલ ચેક કરવા પરંતુ હાલ ટેકનોલોજી અપડેટ થઈ રહી છે. કોરોનાની પરિસ્થિતિ છે અને નગરજનો પણ અપડેટ થઈ રહ્યા છે ત્યારે ઓનલાઈન શોપિંગ એપ્લીકેશન હાલ ડિમાન્ડમાં છે. બહેનને ગીફટમાં આપવા માટે મેકઅપ-કપડાં, મોબાઈલ જેવી અનેક વસ્તુઓની ખરીદી નગરના ભાઈઓ ઓનલાઈન કરી રહ્યા છે. ઉપરાંત બહેનો પણ રક્ષાબંધન પર પહેરવા માટેના આઉટફીટસ, જવેલરી કે ફુટવેર પણ ઓનલાઈન ખરીદી રહી છે. આ વર્ષે કોરોનાને કારણે લગભગ બહારગામ મુસાફરી બહુ ઓછા કરશે ત્યારે હવે ઘરે જ તૈયાર થઈને દરેક ઓનલાઈન રક્ષાબંધનની ઉજવણી કરશે એ અલગ કન્સેપ્ટ આવ્યો છે. જેમાં જેમ બહેનો દર વર્ષે તૈયાર થઈને પોતાના ભાઈઓને મળવા માટે તેના ઘરે જતી હોય તેમજ તૈયાર થશે અને ઓનલાઈન એપ્લીકેશન દ્વારા ફેસ ટુ ફેસ વાતો કરી પોતે પોસ્ટ કરેલી રાખડીને ડીજીટલી બાંધશે. સામે ભાઈ પણ તૈયાર થઈ બેસશે અને પોતે મોકલેલી ઓનલાઈન ગીફટ આપશે. આમ આ નવા કન્સેપ્ટ સાથે રક્ષાબંધન મનાવાશે અને આ જ તૈયારી કરવા માટે છેલ્લા એક અઠવાડિયા પહેલાથી ઓનલાઈન સાઈટ ઉપર મેક-અપ, કપડા, જવેલરી, ફુટવેર, રાખડી, ડેકોરેટીવ ચીજવસ્તુઓ જેવી અનેક પ્રોડકટસની ખરીદી અને વેચાણ શરૂ થઈ ગયું છે ત્યારે નગરના યુવાનો આ બાબતે જણાવે છે કે અમે તો પાછલા બે ત્રણ વર્ષોથી ઓનલાઈન શોપિંગનો કન્સેપ્ટ પુરેપુરો જ અપનાવવા ઈચ્છતા હતા પરંતુ ઘરેથી સંમતિ મળતી ન હતી અને ગીફટ ખરીદવા ઘરની બહાર સ્ટોર પર જ જવું પડતું પરંતુ કોરોના આવ્યા બાદ ઘરના તમામ સભ્યો સામેથી જ ઓનલાઈન શોપિંગ કરવાનો આગ્રહ કરી રહ્યા છે. ઓનલાઈન ગીફટ કરવામાં ફાયદો એ થાય છે કે ઓનલાઈન શોપિંગ સાઈટ ઉપર પ્રોડકટનું તમામ ડીસ્ક્રીપ્શન આપેલું જ હોય છે. સાઈઝ ચાર્ટ કે પછી પ્રોડકટને લાગતી વળગતી તમામ બાબતો વિશે જાણકારી પ્રોડકટની સાથે ડિસ્ક્રીપ્શન બોકસમાં હોય જ છે. જેથી ખરીદનારને વધુ સરળતા રહે છે અને પ્રોડકટ જેને ગીફટ કરવી હોય તેને ડાયરેકટ પહોંચી જાય છે એટલે કે મીડીયેટરી ઓનલાઈન સાઈટસ બને છે.



# કોબા નંદનવન બંગ્લોઝ ખાતે ૧.૪૦ લાખની ચોરી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર કોબા નંદનવન બંગ્લોઝ ખાતે સવારના ચાર વાગ્યાના અરસામાં ચોર ઈસમો ત્રાટકયા હતા. બંગ્લોઝમાં ઘુસીને ઘરમાં રહેલા ડ્રોઅરનો સામાન વેરવિખેર કરીને અંદર રહેલા રૂ.૧,૪૦,૪૦૦ રોકડા લઈ પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે વકીલાત કરતા અને કોબા નંદનવન બંગ્લોઝ નં.૫૯ ખાતે રહેતા રવિન્દ્ર કાળીદાસ ગુર્જર (પ્રજાપતિ) પોતાના પરિવાર સાથે રહે છે. ગતરોજ સાંજના જમી પરવારીને પરિવારના સભ્યો સુઈ ગયા હતા. ત્યારે અચાનક સવારના ૪ વાગ્યાના સુમારે ફરીયાદીના પિતાએ બુમાબુમ કરતા પરિવારના સભ્યો તાત્કાલીક નીચે આવી ગયા હતા. તેઓએ જોયું કે ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો અને કંમ્પાઉન્ડ વોલ કુદીને કોઈ શખ્સ જઈ રહ્યો હતો તે ઉપરાંત અન્ય એક વ્યકિત પણ તેની સાથે હતો. બુમાબુમ થતા ચોર ઈસમો ખુલ્લા ખેતરમાં ભાગી જતા ફરીયાદીએ જોયા હતા. ત્યારબાદ ઘરમાં તપાસ કરતા ડ્રોઈંગ રૂમના ડ્રોઅર ખુલ્લા હતા અને સામાન વેરવિખેર પડ્યો હતો. ફરીયાદીના પિતાના રૂમની તિજોરી ચેક કરતા તેમાંથી જુદા જુદા કવરમાંથી રોકડ રકમ રૂ.૧,૪૦,૪૦૦ ની ચોરી કરી ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. જયારે ૪૦૦ રૂપીયા ફ્રીજ પર રહેલા મહિલાના પર્સમાંથી નીકાળી લીધા હતા. ત્યારબાદ ફરીયાદીએ તેમના પિતાને પુછતાછ કરતા તેઓએ જણાવ્યું હતું કે રાત્રીના ૩ વાગે ચા પીવા માટે ઉભો થયો હતો તે સમયે ઘરના બેઠક ખંડના રૂમના દરવાજાનો નકુચો વાખવાનું ભુલી ગયો હતો.ત્યારબાદ તેઓ રૂમમાં સુઈ ગયા હતા. ત્યારે ચાર વાગે રૂમમાં અવાજ થતા તેઓ જાગી ગયા હતા અને બુમાબુમ કરતા પરિવારના સભ્યો નીચે આવે તે પહેતા તે પલાયન થઈ ગયો હતો.જયારે ઘરની બહાર પડી રહેતા ધારીયાથી રૂમનો દરવાજો ખોલ્યો હતો. ત્યારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.



# સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં વિવિધ કલામય હિંડોળા દર્શન

ગાંધીનગર, તા.૩૧

મંદિરોમાં એક મહિનાથી ઉજવાઈ રહેલ હિંડોળા મહોત્સવ, પૂર્ણતા તરફ પહોંચવા આવ્યો છે ત્યારે સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં સાબુદાણાની સુંદર શોભાના સુંદર દર્શન થઈ રહ્યા છે, સાબુદાણાના એક એક દાણાની ગોઠવણીમાં શ્રદ્ધા, ભક્તિ, પ્રેમનાં દર્શન થાય છે. તા.૧-૮-૨૦૨૦ આ દર્શન થશે ત્યારબાદ તા.૨ અને ૩ બહુવિધ સુકામેવાના ભવ્ય અને દિવ્ય દર્શન થશે અને તા.૪ અને ૫ વસ્ત્રમંડપમનાં અદ્ભુત દર્શન થશે. સરકારશ્રીના જાહેરનામાના ચુસ્ત પાલન સાથે દરરોજ સાંજે ૪:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધી ભક્તો હિંડોળા દર્શનનો લાભ લઈ શકશે.

# મધ્યાહન ભોજન કર્મચારીઓ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા કરશે

ગાંધીનગર, તા.૩૧

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ છેલ્લા ત્રણ દાયકા થી વધુ સમયથી પોતાના ફરજ નિષ્ઠાથી બજાવી રહ્યા છે. તેમ છતા મધ્યાહન ભોજન યોજના કર્મચારીઓની પડતર માંગણીઓનો આજદિન સુધી યોગ્ય ઉકેલ આવ્યો નથી. ત્યારે આગામી તા.૪ ઓગસ્ટના રોજ પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા ધરણા યોજાશે. તેમ છતા રાજય સરકાર તરફથી કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં નહી આવે તો આગામી તા. ૧૭ અને ૧૮ ઓગસ્ટના રોજ દિલ્લી જંતર મંતર ખાતે ધરણા પ્રદર્શન કરવામાં આવશે તેમ મંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી સંચાલક, રસોઈયા, મદદનીશ સહિતના કર્મચારીઓ સામાન્ય વેતનમાં સાડાત્રણ દાયકાથી પોતાની નોકરી કરી રહ્યા છે. ત્યારે મધ્યાહન ભોજન કર્મચારીઓની માંગણીમાં મુખ્યત્વે પગાર વધારો આપી કાયમી કરવા, એનજીઓ જે જિલ્લામાં કાર્યરત છે તે રદ કરવી અને એનજીઓ દાખલ નહી કરવી, જુના કર્મચારીઓ વય મર્યાદાના કારણે નિવૃત થયા છે તેવા કર્મચારીના પરિવારના સભ્યોને નોકરી પર રાખવા, ૩૦ થી ઓછી સંખ્યા ધરાવતી શાળા બંધ થઈ જતી હોવાથી કર્મચારીઓની નોકરીની સલામતી આપવી તે છે. જયારે કર્મચારીઓના પડતર માંગણીઓ મુદ્દે અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારે મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળ દ્વારા તા. ૪ ઓગસ્ટના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન યોજવામાં આવશે. તેમ છતા રાજય સરકાર તરફથી હકારાત્મક નિર્ણય નહી આવે તો દિલ્હી જંતર મંતર ખાતે પણ તા.૧૭ અને ૧૮ ઓગસ્ટના રોજ ધરણા અને પ્રદર્શન યોજવામાં આવશે. તેમ મંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

# સે-૬માં સાંસ્કૃતિક વારસા અંગે વાર્તાલાપ યોજાયો

**કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર માસ્ક, સેનેટાઈઝર અને સોશ્યલ ડિસ્ટન્સ સાથે આ બેઠક યોજવામાં આવી**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના સેક્ટર-૬ ખાતે કાર્યરત પુસ્તક પરબની શાખા દ્વારા સાંસ્કૃતિક વારસા અંગે વાર્તાલાપ માટે એક બેઠક યોજવામાં આવી હતી. કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર માસ્ક, સેનેટાઈઝર અને સોશ્યલ ડિસ્ટન્સ સાથે આ બેઠક યોજવામાં આવી હતી.

સાંસ્કૃતિક વારસા અંગે વાર્તાલાપ માટે યોજાયેલ બેઠકમાં સે.૬ પુસ્તક પરબના કાર્યવાહક ધ્રુવ પ્રજાપતિએ વાર્તાલાપનો હેતુ સમજાવ્યો અને આ પ્રસંગે અતિથિ વિશેષ પદે હાજર રહેલા ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતાના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર શાહનું સ્વાગત કર્યુ હતુ જેમણે પોતાના વક્તવ્યમાં 'દફતરો અને આપણો સાંસ્કૃતિક વારસો' અંગે રસપ્રદ પ્રવચન આપવા સાથે ગુજરાત રાજ્યના વિવિધ સરકારી અને ખાનગી અભિલેખાગારો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ સાથે તેઓએ ૧૭૫થી વધારે ઐતિહાસિક અને અગ્રગણ્ય દસ્તાવેજો પણ બતાવી ઈતિહાસ નિરૂપણમાં તથા સાંસ્કૃતિક વારસો જાળવવામાં દફતરોની ઉપયોગિતા જણાવી હતી. કાર્યક્રમના અંતે આભારવિધિ વિષ્ણુસિંહ ચાવડા દ્વારા કરવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. પંચાલ ભાવનાબેન અમિતકુમાર, ઉ.વ. ૪૧, નિર્ણયનગર, અમદાવાદ
- સ્વ. જીતેન્દ્રકુમાર શનાભાઈ ડામોર, ઉ.વ. ૫૭, સે-૪-સી, ગાંધીનગર
- સ્વ. રાવલ અલકાબેન સુરેશકુમાર, ઉ.વ. ૫૬, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. રાજુજી છોટાજી ઠાકોર, ઉ.વ. ૨૭, ધોળાકુવા, ગાંધીનગર
- સ્વ. ચંદ્રિકાબેન વિરેન્દ્રકુમાર યાજ્ઞીક, ઉ.વ. ૬૦, સે-૧૩, ગાંધીનગર
- સ્વ. ઠાકોર નાથીબેન કેશાજી, ઉ.વ. ૭૫, મુ. રાજપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ ગોરધનભાઈ જીવાતભાઈ, ઉ.વ. ૮૩, મુ. મગોડી, તા. ગાંધીનગર
- સ્વ. જોઈતારામ ગોકળભાઈ રાવળ, ઉ.વ. ૮૫, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. રાવળ મધુબેન જીવણભાઈ, ઉ.વ. ૬૦, મુ. સાલડી, તા. ગાંધીનગર
- સ્વ. અમરતભાઈ સોમનાથ શર્મા, ઉ.વ. ૬૩, મુ. ઝુલાસણ, તા. કડી
- સ્વ. વાઘેલા જશુજી બળદેવજી, ઉ.વ. ૭૪, નારદીપુર, જી. ગાંધીનગર

# દશામાની મૂર્તિઓની વિસર્જન બાદની 'અવદશા'..!!





દસ દસ દિવસ સુધી જે 'માત'ની જય બોલાવતા જીભ નથી સુકાતી, જેને ભોગ ધરાવતા હૈયે હરખ નથી માતો, જેની આરતી ઉતારતા નયનમાં નીર આવી જાય છે તેવા દશામાની મૂર્તિઓને માત્ર 'વિસર્જન' કરવુ જ પડે તેવા અંધ વિશ્વાસમાં તણાઈને આમ ગમે ત્યાં ગંદા પાણીના નાળામાં કે ગટરના પાણીના ખાબોચિયામાં પણ વિસર્જિત કરી દેવાની એ ક્યાંની ભક્તિ કહેવાય ? અરે, દસ દિવસ જેમની શ્રદ્ધાથી પૂજા-અર્ચના કરી જેને જીવનની બધી સમસ્યાઓ સુણાવી તે દૂર કરવા વિનવણીઓ કરી તેને આમ વ્રત પતી ગયા પછી 'ઠેકાણે' પાડી દેવા જેવી વૃત્તિ રાખીને વિસર્જન કરવાને બદલે ઘરના આંગણામાં ચોખ્ખા પાણીના ટબમાં લઈને પ્રેમથી વિસર્જન કરીએ તો આપણી આરાધના વધુ યોગ્ય નહીં લેખાય ??

# શિવ માઈક્રો શોપીંગ વેપારી મંડળ મીના બજારના વેપારીઓનો આભાર માને છે

ગાંધીનગર, તા.૩૧

કોરોનાની મહામારીના સમયમાં મીનાબજારના વેપારીઓએ પોતાનો રોજગાર, ધંધો અને બિમારીથી આવેલ ભયંકર મંદી જેવા માહોલમાં પણ તા. ૧૩ જુલાઈથી તા. ૩૧ જુલાઈ સુધી સ્વેચ્છાએ સાંજે ૫ કલાક પછી ૧૦૦ ટકા બંધ રાખી વેપારીઓએ પોતાનો ફાળો આપ્યો છે. મીનાબજારના તમામ વેપારી મિત્રોનો શિવ માઈક્રો શોપીંગ વેપારી મંડળ દ્વારા આભાર માનવામાં આવે છે તથા સંસ્થાના પ્રમુખ હિતેષભાઈ પ્રજાપતિ તથા તમામ હોદ્દેદારો અને સભ્યો દ્વારા વેપારીને અને ગ્રાહકને માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા જણાવાયું છે.

# સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા યોજાતા સમૂહ જનોઈ બદલવાનો કાર્યક્રમ બંધ

ગાંધીનગર, તા.૩૧

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા સરકારની ગાઈડલાઈન મુજબ ધાર્મિક કાર્યક્રમ ઉપર પ્રતિબંધ હોવાથી તા. ૩ ઓગષ્ટના રોજ પૂનમના દિવસે યોજાનાર સમૂહ જનોઈ બદલવાનો કાર્યક્રમ બંધ રાખવામાં આવ્યો છે.

# ચોમાસાની ઋતુ હોવાથી શહેરમાં સાપ નીકળવાની ઘટનાઓમાં વધારો

**સાપ દેખાય તો મારવા કે ખોટી રીતે પકડવા પ્રયાસ કરવો નહી : શહેરમાં નીકળતા મોટા ભાગના સાપ બિન ઝેરી : સર્પ રેસ્ક્યુ કાર્યમાં શહેરના અનેક યુવાનો કાર્યરત**

ગાંધીનગર, તા. ૩૧

સાબરમતી નદીના કિનારે ઘેરી વનરાજીમાં વિકસેલા ગુજરાતનું પાટનગર ગાંધીનગર "સાપનું ઘર" તરીકે પણ ઓળખાય છે અને આ શહેરની ધરતીના ખોળે અનેક પ્રજાતિના સરિસૃપો વસવાટ કરી રહ્યાં છે જેમાંથી કેટલાક ઝેરી પણ છે, પરંતુ મોટાભાગના બિનઝેરી છે.

અત્યારે ચોમાસાની ઋતુના કારણે એક તો જમીનમાં થતાં ભારે બફારા અને ઉકળાટ તેમજ હાલ દેડકાં ઉપરાંત અનેક પ્રકારના જીવજંતુઓની ઉત્પત્તિ વધી હોવાથી શીત રકતવાળા સરીસૃપો આગામી શિયાળાની ઠંડીને અનુલક્ષીને શીતનિંદ્રામાં જતા પહેલા પુરતો ખોરાક પ્રાપ્ત કરી લેવા માટે પણ આ સરીસૃપો તેમના દર કે બખોલમાંથી બહાર નીકળી પડે છે. આ કારણથી શહેરમાં અત્યારે સરીસૃપો નીકળવાની ઘટનાઓ ખૂબ વધી જવા પામી છે અને માનવ વસ્તીમાં પણ તેઓ જોવા મળી રહ્યાં છે. જેથી ભૂલથી કોઈ ઝેરી સાપ કોઈને ડંખી ના જાય કે બિન જેરી હોવા છતાં સાપથી ડરીને કોઈ તેને મારી ના નાંખે તે માટે શહેરમાં ઘણા બધા સ્વયંસેવકો સાપને સલામત રીતે રેસ્કયુ કરી સલામત રીતે માનવ વસ્તીથી દૂર જંગલ વિસ્તારમાં છોડી મુકવાની સેવા આપી રહ્યાં છે.

આ સાથે નાગરિકોએ પણ સાપ નીકળે ત્યારે તેને મારી નાંખવાને બદલે આ સ્વયંસેવકોનો સંપર્ક કરવો જોઈએ કેમકે સાપ પ્રકૃતિના સંતુલનમાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે અને તે માનવી સહિત સમગ્ર સૃષ્ટિ માટે ખૂબ ઉપયોગી જીવ છે. આ કારણે શહેરના નાગરિકોએ અહીં કયા કયા પ્રકારના સર્પ વસવાટ કરે છે અને તેમાંથી કયા સર્પ ઝેરી છે જેથી તેનાથી દૂર રહી સલામત રહી શકાય અને કયા કયા સર્પ ઝેરી છે તે સમજી લેવુ જોઈએ. ગાંધીનગરમાં આમ તો સરીસૃપોની અનેક પ્રજાતિઓ જોવા મળે છે જેમાં સામાન્ય રીતે વધુ જોવા મળતા કેટલાંક સરીસૃપોની અત્રે તસવીરી જાણકારી આપવા પ્રયાસ કર્યો છે જેથી નાગરિકો ઝેરી સર્પોથી સલામત રહી શકે અને બાળકોને સલામત રાખી શકે. આ ઉપરાંત બિન જેરી સર્પોથી ડરીને તેમના પર ખોટો હુમલો ના કરે. શહેરમાં સ્નેક રેસ્કયુ માટે કાર્યરત વન્યજીવ પ્રેમીઓ અને પ્રકૃતિપ્રેમીઓ દ્વારા કોઈ પણ સાપ નીકળે તો તેને મારવા નહી કે તેમને નુકશાન થાય તેમ ખોટી રીતે લાકડી કે ચિપિયાથી દબાવીને પકડવા નહી કે દોરીના ગાળિયામાં ફસાવીને પકડવા નહી તેવો અનુરોધ કરવામાં આવ્યો છે. કોઈપણ સરીસૃપ દેખાય તો તેને સ્નેક રેસ્કયુઅર્સને બોલાવી રેસ્કયુ કરી લેવો માનવજાત તથા પ્રકૃતિ માટે હિતાવહ છે.




● કાળોતરો (કોમન ક્રેઈટ) ● નાગ (કોબ્રા) ● ખડચીતરો (રસેલ્સ વાઈપર)

**શહેરમાં ક્યાંય પણ સાપ દેખાય તો રેસ્કયુ માટે કોલ કરો**

● હુસેન પટેલ - ૯૬૬૨૩ ૯૨૨૨૯ ● રસિક ઠાકોર - ૭૩૮૩૫ ૫૭૦૩૩
● ચિરાગ પરમાર - ૮૪૦૧૩ ૪૩૨૧૦ ● રોનક પંડ્યા - ૯૦૩૩૬ ૧૭૧૩૩
● તેજસ ગામિત - ૬૩૫૧૯ ૩૧૮૯૮ ● અમિત ગોંડ - ૮૪૦૧૪ ૮૮૫૮૮
● આશુતોષ તિવારી - ૯૭૩૭૭ ૩૨૭૮૬



**શહેરમાં દેખાતા બિન ઝેરી સર્પો**

● વરૂદંતી (વોલ્ફ સ્નેક) ● રૂપસુંદરી (ટ્રાઈન્કેટ)
● ધામણ (રેટ સ્નેક) ● કુકરી સ્નેક
● બેરડ વોલ્ફ સ્નેક
● આંધળી ચાકરણ (રેડ સેન્ડ બોઆ)
● ભંફોડી (રસેલ્સ સેન્ડ બોઆ)
● બિલ્લી સાપ (કેટ સ્નેક)
● ચંચુ સાપ (બ્લાઈન્ડ સ્નેક)
● તાંબાપીઠ (બ્રોન્ઝ બેક ટ્રી)